■ માનવતા મરી પરવારી નથી ■

ઈડર એસ.ટી.બસ ડેપોના કંડકટરે યુવકનો મોબાઈલ પરત આપ્યો

ભિલોડા,તા.૧૯

હિંમતનગર એસ.ટી.ડિવિઝનના ભિલોડા એસ.ટી. બસ સ્ટેશન ના બાંકડા પર થી ઈડર એસ.ટી. ડેપોના કંડકટર પ્રકાશભાઈ ભીખાભાઈ ભાટીયા,બેજ - નંબર - ૧૦૪ ને એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી આવતાં ભિલોડા એસ.ટી.બસ સ્ટેશનની વહિવટી ઓફિસમાં ફરજ બજાવતા જગદીશભાઈ આર.પટેલ ને જમા કરાવ્યો હતો. ગણતરી ના સમય માં જ મોબાઈલ ધારક યુવરાજ નિરૂભાઈ નિનામા (જાબચિતરીયા, તા.ભિલોડા) ના યુવકને મોબાઈલ ની શોધખોળ કરતાં હતા તે દરમ્યાન નજરે ચડતાં રૂબરૂ મળીને એનરોઈડ મોબાઈલ ફોન પરત કર્યો હતો.યુવકે એસ.ટી.બસના કંડકટર સહિત સ્ટાફ પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રાંતિજ ખાતે ઈદે મિલાદ પર્વ જુલુસ પર પણ કોરોનાનું ગ્રહણ

સતત બીજા વર્ષે જુલુસ મોકુફ : મુસ્લિમ બિરાદરો દ્વારા માત્ર મસ્જીદો અને ઘરો ઉપર રોશની કરાઈ : સરકારની ગાઈડ લાઈન મુજબ જુલુસ મોકુફ

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે રહેતા મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદે મિલાદ પર્વ નિમિત્તે મસ્જીદો તથા મુસ્લિમ વિસ્તારોમાં રોશનીથી શણગારવામા આવ્યા તો ઈદે મિલાદ જુલુસ ઉપર કોરોના નું ગ્રહણ લાગ્યું છે સતત બીજા વર્ષે જુલુસ મોકુફ રખાતા છે. ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મંહમ્બદ પયગમ્બર સાહેબના જન્મ દિનની ઈદે મિલાદ પર્વ નિમિત્તે મસ્જીદો તથા મુસ્લિમ વિસ્તારોમાં ઘરો સહિત વિસ્તારોમાં રોશનીથી શણગાર વામા આવ્યા છે જેમાં બારકોટ જબુચોરા, વ્હોરવાડ, પઠાણ વાડા, હજામચોરા સહિત વિસ્તારોમાં રહેતા મુસ્લિમ બિરાદરો દ્વારા રોશની થી શણગાર કરવામાં આવ્યા છે તો દર વર્ષે ઈદે મિલાદ પર્વ નિમિત્તે વ્હોરવાડ, પઠાણ વાડા, જબુચોરા , બારકોટ વગેરે વિસ્તારોમાંથી મુસ્લિમ બિરાદરો તથા જુલુસ કમીટી દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં નિકળતું જુલુસ સતત બીજા વર્ષે પણ કોરોના ની મહામારીને લઈને વધુ સંક્રમણના ફેલાય અને સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ મોકુફ રાખવામા આવ્યું છે.

જન્મદિને વધામણી

પંકજભાઈ પટેલ
એમ. ડી, સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેંક મોડાસા

કુણાલ નરેન્દ્રભાઈ પટેલ
અમદાવાદ

રાજેન્દ્ર પટેલ
બાયડ

મુકેશભાઈ બી.પટેલ
પ્રમુખ. અરવલ્લી જિલ્લા ઉમા. શિક્ષક સંઘ ધનસુરા

પ્રાંતિજ ખાતે કુંટુંબી દ્વારા યુવતીને હેરાન કરી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરીયાદ

નવરાત્રીમાં મેકઅપ કરી ગરબા રમવાજતી અને ફોન બંધ રાખવાને લઈને બોલાચાલી : ગડદાપાટુનો મારમારી ઇજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પોલીસ ફરીયાદ : જપાજપી દરમ્યાન કાનમાં પહેરેલ સોનાનું ઝુમખી તુટીને પડી ગયુ

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કુંટુંબી દ્વારા યુવતીને હેરાન કરી મારમારી બિભત્સ ગાળો બોલી ગડદાપાટુ નો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ ખાતે રહેતા અનિષાબેન રાજુભાઈ ભોઈ જેવો નવરાત્રી મા મેકઅપ કરી ગરબા રમવા જતા હતા અને પોતે પોતાનો ફોન બંધ રાખતા હોય આ કામના આરોપી કુંટુંબી જીજ્ઞેશ ઉર્ફે જીગર કુમાર જીતુભાઈ ભોઈ રહે.ખોડીયાર કુવા , મોટો માઢ , પ્રાંતિજ તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા ને ગમતુ ના હોય જેથી અનિષાબેન ને બિભત્સ ગાળો બોલી હાથ પકડી ખેંચાખેંચ કરી ગડદાપાટુ નો માર મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તથા જપાજપી મા અનિષાબેન ના જમણા કાનમા પહેરેલ સોનાની કડી ઉપર ઝુમખી જેની કિંમત- ૪૦૦૦ તુટી ને પડી ગયેલ અને જીજ્ઞેશ ઉર્ફે જીગર જીતુભાઈ ભોઈ દ્વારા અગાઉ પણ અવારનવાર ઝઘડો કરેલ હતો અને આજ રોજ મારમારતા પ્રાંતિજ સી.એચ.સી ખાતે સારવાર અર્થે અનિષાબેન રાજુભાઈ ભોઈ ઉ.વર્ષ-૨૫ રહે. પ્રાંતિજ ખોડીયાર કુવા , મોટો માઢ ખસેડવામા આવ્યા હતા અને આ અંગેની પોલીસ ફરીયાદ અનિષાબેન દ્વારા કરતા પ્રાંતિજ પોલીસે જીજ્ઞેશ ઉર્ફે જીગર જીતુભાઈ ભોઈ વિરૂધ્ધ અ ા ઈ પ ા સ ા ક લ મ ૩૫૪,૩૨૩,૫૦૪,૫૦૬,(૨)૪૨૭ મુજબ ગુનો નોધી આગળ ની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીએસઆઈ એસ.જે.ગોસ્વામી દ્વારા હાથ ધરવામા આવી હતી.

દામાં ગામે ખેતર નજીક બાઈક ઉભું રાખવા ના પાડતા હુમલો

સાત ઈસમો સામે ગુનો દાખલ

ડીસા, તા. ૧૯

ડીસા તાલુકાના દામાં ગામે ખેતરના દરવાજા આગળ અજાણ્યા ઈસમને બાઈક ઉભું રાખવાની ના પાડતા તેની અદાવત રાખીને સાતેક ઈસમોએ ભેગા મળી ખેતરના માલિક ઉપર હથિયાર વડે હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની પોલીસ ફરિયાદની વિગત અનુસાર ડીસા તાલુકાના લોરવાડા ખાતે રહેતા શંભુદાન અચલાજી ગઢવીએ દામાં ખાતે ખેતર ભાગેથી વાવવા માટે રાખેલ હોઈ તેઓ ખેતર ઉપર જ રહેતા હતા. છેલ્લા ત્રણ દિવસથી કોઈ અજાણ્યો ઈસમ તેમના ખેતરના ઝાંપા આગળ બાઈક ઉભું રાખતો હોઈ આ બાબતે ખેતરના માલિક શંભુદાન ગઢવીએ બાઈક ઉભું રાખવાની ના પાડી હતી.જેથી આ અજાણ્યો ઈસમ ત્યાંથી જતો રહેલો પરંતુ થોડા સમય બાદ આ ઈસમ તેની સાથે અન્ય છ જેટલા લોકોને લઈ ત્યાં આવેલો અને ગાળો બોલવા લાગેલ તેમજ ધારીયા વડે શંભુદાન ઉપર હુમલો કરી હાથના ભાગે ફેક્ચર કરી ઈજાઓ પહોંચડેલી જોકે રાત્રી ના સુમારે એકાએક હોબાળો થતા આસપાસના ખેતરમાંથી લોકો દોડી આવેલા અને અજાણ્યા ઈસમોને સમજાવી બહાર મોકલેલ જોકે જતા જતા આ ઈસમે શંભુદાનને કહેલ કે આજે તું બચી ગયો હવે હાથમાં આવીશ તો તને જાનથી મારી નાખીશ તેમ કહી જતા રહેલા જોકે હુમલાના પગલે ઈજાગ્રસ્ત શંભુદાનને આસપાસના લોકો સારવાર અર્થે ડીસા દવાખાને લાવેલા અને સારવાર બાદ આ બાબતે તેમના ભાઈ ચેતનદાન અચલાજી ગઢવીએ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા વિક્રમ વિનોદજી ઠાકોર (રહે.કુંડા તાલુકો ડીસા) સહિત અન્ય છ વ્યક્તિઓ સામે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજના અમીનપુર ખાતે જીએનએફસીલી દ્વારા વૈજ્ઞાનિક ખેતીની માહિતી આપતી શિબિર યોજાઈ

પ્રાંતિજતા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમીનપુર ખાતે જી.એન.એફ.સી.લી. દ્વારા બટાકાનુ વાવેતર કરતા ખેડુતોને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ ની માહિતી આપતી શિબિર યોજાઈ

જી.એન.એફ.સી.લી.ભરૂચ દ્વારા બટાકા પાક પરિસંવાદ નુ આયોજન દહેગામ તાલુકાના નાંદોલ ગામે કરવામા આવેલ જેનુ યુ ટ્યુબ ના માધ્યમ થી સમગ્ર દેશમા લાઈવ પ્રસારણ કરવામા આવેલ જેમા પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામે લાઈવ પ્રસારણ માટે નુ આયોજન કરવામા આવેલ જેથી અમીનપુર ગામમા તથા આજુબાજુના વિસ્તાર મા બટાકા નુ વાવેતર કરતા ખેડુતો ને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ ની માહિતી મળી રહે તે માટે આશરે ૪૦ જેટલા ખેડૂતો ને જી.એન.એફ.સી.લી દ્વારા આયોજીત કાર્યક્રમ ની જાણકારી કંપની ના જિલ્લા અધિકારી એચ.સી.દવે દ્વારા આપવામા આવેલ ત્યારબાદ લાઈવ શિબિર દ્વારા ખેડુતો એ બટાકા પાક વિશે વિસ્તૃત જાણકારી મેળવેલ તો સંશોધન વૈજ્ઞાનિક આર.એન.પટેલ દ્વારા બટાકા પાક ની ખેતી વિશે ઊંડી સમજણ પૂર્વક ની માહિતી આપેલ ત્યારબાદ કંપની ના રીજિયોનલ મેનેજર જી.કે.પટેલ દ્વારા કંપની અને તેના ઉત્પાદનો વિશે ઊંડી સમજણ પૂરી પાડેલ અને હાલના સમય ની ખાતર ની પરિસ્થિતિ વિશે માહિતી આપ્યા બાદ ખેડૂતો ને પોતાની જરૂરિયાત ની ૫૦% ખરીદી ઓગોતરી કરી લેવા આહ્વાન કરેલ તેમજ પોઈન્ટ ઓફ સેલ ના માધ્યમ થી જ ખાતર ની ખરીદી કરવા સૂચન કરેલ મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક જે.કે.પટેલ દ્વારા બટાકા ના પાક મા જીવાત નિયંત્રણ વિશે ઉડાણ પૂર્વક ની જાણકારી આપેલ તો નાંદોલ મંડળી ના ચેરમેન દ્વારા બટાકા પરિસંવાદ યોજવા બદલ કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો તો સમગ્ર સભાનુ સંચાલન આર.એમ.પટેલ જી.એન.એફ.સી.લી.ગાંધીનગર દ્વારા કરવામા આવેલ તેમજ ખેડુતો દ્વારા પૂછાયેલા પ્રશ્નો નુ સ્થળ ઉપર જ નિરાકરણ કરવામા આવેલ ફોટા મોકલેલ છે.

ડીસાના માલગઢમાં પ્લોટ ખાલી કરવા મામલે મહિલાને ધાકધમકી

ગામના જ ચાર ઈસમો વિરુદ્ધ પોલીસ ફરીયાદ

ડીસા, તા ૧૯

ડીસા તાલુકાના માલગઢ ગામે આવેલી નિશાળવાળી ઢાણી ખાતેના પ્લોટ ઉપર રહેતી મહિલાને ગામના જ ચારેક ઈસમો દ્વારા પ્લોટ ખાલી કરવા માટે ગાળો બોલી ધમકી આપી હતી. આ મામલે પીડિત મહિલાએ ડીસા તાલુકા પોલીસ મથકે ચાર ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની પોલીસ ફરિયાદની વિગતો જોતા માલગઢની નિશાળવાળી ઢાણી ખાતે રહેતા કૈલાસબેન પ્રકાશજી ઠાકોર ગત સોમવારની સવારે સરકારી દવાખાના નજીક આવેલા પોતાના પ્લોટ ઉપર હતા. તે દરમિયાન ગામનો જ વિક્રમજી વરધાજી સાંખલા ત્યાં આવેલો અને કૈલાસબેનને 'તું અહીંયા કેમ આવી છે?' તેમ કહી જેમ તેમ ગાળો બોલવા લાગેલ જોકે કૈલાસબેને ગાળો બોલવાની ના પાડતા મકાનના દરવાજા તોડી સામાનની પણ તોડફોડ કરી નાખેલ. તે દરમિયાન કૈલાસબેનના સગા કનુભાઈ પણ ત્યાં આવેલા અને તેમણે પણ તોડફોડની ના પાડવા છતાં પણ વિક્રમજીએ તોડફોડ ચાલુ રાખેલી અને તે દરમિયાન નજીકમાં રહેતા અન્ય સુનિલભાઈ મોટાજી ટાંક ,હસમુખજી મોટાજી ટાંક અને કલ્પેશજી પનાજી માળી પણ ત્યાં દોડી આવેલા અને આ ચારેય જણ ભેગા મળી એક સંપ થઈને કૈલાસબેનના ઘરનો સામાન તોડ ફોડ કરીને કનુભાઈને ધોકા વડે માર મારવા લાગેલ. આ હુમલાના પગલે ગભરાઈ ગયેલા કૈલાસબેને બુમો પાડતા આસપાસના લોકો દોડી આવેલા અને મારમાંથી છોડાવેલા. જોકે જતા જતા આ ઈસમોએ કૈલાસબેન અને તેમના સગાને પ્લોટ ખાલી કરવાનું જણાવી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ મામલે કૈલાસબેને ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ વિવિધ કલમ હેઠળ ચારેય સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

તાલુકા કાનુની સેવા સમિતિ બાયડ દ્વારા વિશ્વ વિદ્યાર્થી દિવસે કાનુની શિક્ષણ શિબિર યોજાઈ

બાયડ, તા. ૧૯

તા. ૧૫-૧૦-૨૦૨૧ ના રોજ સારસ્વત હાઈસ્કુલ ખાતે તાલુકા કાનુની સેવા સમીતી, બાયડ ધ્વારા વિ % ૧ વિધાર્થી દિવસ નિમીતે મેગા શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં તાલુકા કાનુની સેવા સમીતી ઘા અધ્યક્ષ પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ શ્રી બી.જી.રાઠોડ સાહેબ ઉપસ્થીત રહયા હતા. તેઓએ શાળાના બાળકોને રાઈટ ટુ એજયુકેશન નો લાભો, આપણા મુળભુત અધીકારો તથા કાનુની) અંગેની માહીતી આપી હતી. આ સાથે પેનલ એડવોકેટ શ્રી એ.કે.પટેલ તથા શ્રી એસ.આર.બલોચ પણ બાળકોને કાનુની મળતા ફાયદા લેવા ઉદાહરણ આપી સમજ આપી. આ સાથે શાળાના શિક્ષકો તથા બાળકો ઉપસ્થિત રહી આપેલ માર્ગદર્શનથી માહીતીગાર થયા હતા.

બોર્ડ પરીક્ષા : જિલ્લામાં બોર્ડ પરીક્ષા આપનારા ૭૫ હજાર વિદ્યાર્થીના દિવાળી પછી ફોર્મ ભરાશે

દરેક શાળાઓમાં કોમ્પ્યુટર વિષય શિક્ષકની ભરતી કરો

બાયડ, તા. ૧૯

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં આગામી માર્ચ-૨૦૨૨માં યોજાનારી ધોરણ-૧૦-૧૨ બોર્ડની પરીક્ષા આપનારા અંદાજીત ૭૫ હજાર વિદ્યાર્થીઓની પરીક્ષામાં ફોર્મ દિવાળી પછી ફોર્મ ભરાશે. જિલ્લાની શાળાઓમાં કોમ્પ્યુટર વિષયના શિક્ષકોની ભરતી ન તથાં ખાનગીમાં ફોર્મ ભરાવવાની નોબત આવી છે ત્યારે સરકાર દ્વારા ગ્રાન્ટેડ - સરકારી શાળાઓમાં કોમ્પ્યુટર વિષય શિક્ષકોની ભરતી કરે તો અનેક બેરોજગારોને નોકરી નસીબ થઈ શકે છે.

છેલ્લા કેટલાક સમયથી મોંઘવારી અને બેરોજગારી શબ્દો વધુ પ્રચલિત બન્યા છે. શાળાઓમાં જ સરકાર દ્વારા ચિત્ર-વ્યાયામ - સંગીત - કોમ્પ્યુટર શિક્ષકની તથા સેવકની ભરતી કરે તો રાજયના દોઢ લાખ બેરોજગારોને એક સાથે નોકરી મળી જાય તેમ છે. કરાર આધારિત કર્મચારીઓ પણ મોંઘવારીના વધતા મારથી પરેશાન છે. ત્યારે નવી સરકારના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ બેરોજગારોના તારણ હાર બને તેવી શક્યતા વધુ છે. જિલ્લામાં બોર્ડ પરીક્ષા આપનારા ધોરણ-૧૦-૧૨ની ૫૭૩ શાળાઓમાં દિવાળી પછી ફોર્મ ભરવાની શરુઆત થવાની છે.

ત્યારે અનેક શાળાઓમાં ઈન્ટરનેટ-કોમ્પ્યુટરની સુવિધા નથી જયાં સુવિધા છે ત્યાં કોમ્પ્યુટર વિષય શિક્ષકો ન હોવાથી ફોર્મ ભરવાની મુશ્કેલી ઊભી થઈ શકે છે. જયારે ખાનગીમાં ફોર્મ ભરાવાય તો ગરીબ પરીવારના વિદ્યાર્થીઓ પાસે રૂા. ૫૦ થી ૧૦૦નો ખર્ચ પણ મોંઘો સાબિત થઈ શકે છે. તેથી આ સંજોગોમાં સત્વરે કોમ્પ્યુટર શિક્ષકોની ભરતી થાય તો ફોર્મ ભરવામાં રાહત થઈ શકે તેમ છે.

ડીસામાં ઈદે મિલાદની કેક કાપી ઉજવણી

ડીસા, તા. ૧૯

ડીસામાં હઝરત મોહમદ પયગમ્બર સાહેબના જન્મ દિવસ ની ઉજવણી મુફ્તી અસગરઅલી ના નિવાસ સ્થાને મોલાના શોકત અલી અકબરી એ કેક કાપી ઉજવણી કરી નાના ભૂલકાઓ ને ચોકલેટ વિતરણ કરી ઉજવણી કરી હતી આ પ્રસંગે લિયાકત ભાઈ અશરફી, સલીમભાઈ અશરફી તથા નાના ભૂલકાઓ હાજર રહ્યા હતા.

ઈસ્લામ ના મહાન પયગંબર સાહેબ ના જન્મ દિવસ નીમિતે ડીસા ગવાડી વિસ્તાર ,ઝંડીઓ તથા લાઈટો થી સજાવી દીધો હતો જયારે નવ યુવાનો દ્વારા મીરામોહલલા, ડોલીવાસ, બડા પુરા, છોટા પુરા, મોહમદપુરા, અખખર ચોક , રાજપુર પોલીસ ચોકી પાસે નિયાઝ શરીફ નું આયોજન કર્યું હતું જ્યારે રાજપુર ખારા કુવા પાસે , મોહમદપુરા, છોટા પુરા, અખરચોક વિવિધ વિસ્તારોમાં બાળકો ને યુવાનો દ્વારા ચોકલેટ ,બિસ્કિટ કેક વહેચી હઝરત મોહમદ પયગમ્બર સાહેબ ના જન્મ ની ઉજવણી કરી હતી જયારે ઓલિયા મસ્જિદ ખાતે સૈયદ હઝરત મોહમદ અલી બાવા તથા હઝરત સૈયદ હસન અલી બાવાએ જણાવ્યું હતું કે ઈસ્લામ ના મહાન પયગમ્બર સાહેબ જીવન વિશે જણાવી તેમને બતાવેલા ગુણો જીવન માં ઉતારવા અનુરોધ કર્યો હતો નમાઝ ને કાયમ કરી સીરાતે મુસ્તકિંમ પર ચાલવા અનુરોધ કર્યો હતો આમ ઠેર ઠેર નાના ભૂલકાઓ ઝંડી ઓ હાથ માં લઈ ને મરહબા મરહબા ના નારા પોકારી ઉજવણી કરી હતી

બનાસકાંઠાના બાળ સખા મિત્રોએ કાયમી કરવા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

બાળ સખા મિત્રોએ સમાન કામ સમાન વેતનની માંગ કરી

પાલનપુર તા. ૧૯

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા વિસ વર્ષથી સર્વ શિક્ષા અભિયાનમાં ફરજ બજાવતા બાળ સખા મિત્રોએ નોકરીમાં કાયમી કરવાની માંગ સાથે પાલનપુર ખાતે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી સમાન કામ સમાન વેતન આપવાની માંગ કરી હતી.

બનાસકાંઠા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાનમાં છેલ્લા ૨૦ વર્ષથી ફરજ બજાવતાં ૨૫૦ જેટલા બાળ સખા મિત્રો પ્રાથમિક સ્કૂલોમાં એસટીપી વર્ગ ચલાવી લોકોમાં સાક્ષરતા લાવવાનું કામ કરી એક શિક્ષક તરીકેની ભૂમિકા નિભાવે રહ્યા છે ત્યારે તેમને પૂરતા પ્રમાણમાં વેતન ન મળવા ને કારણે અનેક મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે જેમાં તાજેતરમાં મુખ્યમંત્રી એ કરાર આધારીત કર્મીચારીઓને કાયમી કરવા ની જાહેરાત કરી હતી જે અન્વયે બાળ સખા મિત્રો ને કાયમી કરી તેમને સમાન કામ સમાન વેતન આપવામાં આવે તેવી માંગ સાથે જિલ્લાના બાળ સખા મિત્રો એ પાલનપુર કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવી તેમની રજુઆત સત્વરે સંતોષવા માંગ કરી હતી